॥ શ્રી પરમાત્માય નમઃ ॥

ફુરસદે બહાર

(દીલખુશ ગાયનો.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

મંગળદાસ જેઠારામ બુકસેલર

રીચીરોડ—અમદાવાદ.

અમદાવાદમાં પીરમશાના રોજા સામે
ધી ચીમનલાલ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

સંવત ૧૯૬૨—સને ૧૯૦૬.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

કિંમત રૂ ૦-૪-૦



ફુરસદે બહાર.

૧

પરણાવે માબાપ છોકરાં જોડ જુવે નહીં સુખકારી,
થાય કજોડામાંથી ખોટું અપજશનું દુખ બહુ ભારી;
અણગમતો વર અબળાને એ બ્હાનું રસવાને જારી,
સહુસજોરે રચાયા સદભાગી, દિન દિન વધતી ખુવારી.
તામે મ્હોટા કામે ખોટા લાજ બને થપ્પડ મારી,
બાળકને પાળી નવ જાણે એ નર મુછાળી નારી;
કુલ જોઈ કુલવાળા બનતા રડે રાંડિયા અવિચારી
ફટફટરે [illegible] કુલણુજી બાળકને નાંખ્યા મારી.

૨

[illegible]કને આંગણે ચાંદનીરે, ખીલી રૂપેરી રંગ.
[illegible]ગરે આવો સાહેલી રંગ માણવા,
[illegible]યા ખોલીને બ[illegible]ન બહેનરે, વાતો કરી લ્યો વહાલની.
વહાલા વસે વીદેશમાં, બાળા બાલે વેશ.
સૈયર સાશા મોકલુ શાણાને સંદેશ,
કુંજલડીરે સંદેશો અમારો, જઇ વાલમને કહેજોજી રે
પ્રીતીકાંઠાના અમે પંખીડાં, પ્રીતમ સાગરવીના સુનાસુનાજીરે.
કુંજલડીને વહાલો મેરામણ,
અમને અમૃત ખાણ વહાલા પ્રીતમ પ્રાણ.—કુંજલડીરે
સાહેબો મારો સુલક્ષણો એઠા જુઠા ખાય
ઘરની સુખડી ના ગમે સોગન જુઠા ખાય
તમારા સમ જો તમે મને વહાલા જુઠડા સમ શીદ ખાવોછોજી

પીયુ તમારૂ મનડુ માને તીહાં જાયોછો
ઘી ભર્યા ઘેબર ઘેર રઝળે છે. કુશકા ખાવાને ધકા
ખાયોછે

સોલ વરસની સુંદરી સ્વામી વરસે સાઠ
મોઢું જોઇ મોહી રહ્યો લાડકી કરંતી લાડ

પગમાં કાંટો વાગ્યો નહીરે જીવું હુંતો નહીરે જીવું
મારા સગી નણંદના વીર હો રાજ—પગ
તેડાવજો મારા બાપજીને જોગી જતીને તેડાવેજી નહી જીવું

૩

પ્યારી વાતો મધુરી કરો પ્યારની કાંઇ ખાતર કરો દીલદારની
દયોને લેજત જોબનના શ્રંગારની
બોલો બોલ બાળા મદનના બહારની
ઘુંઘટ ખોલો બાલા બેલો દીવાની જુવાની દીલચારની
સુણો વાત સુણાવુ વેવારની બીક રાખો ખુદાના મારની
બધી ગધામસ્તી આ સંસારની નહીં ચાલે હજુર કીરતારની
જમડા ઝાલે પુરા પછાડે હેવાની નાદાની મુકો કાંઇ પ્યારની

૪

કરમ કરે તે કોઇ ન કરશે મુરખ મથી મરશે
ભલે બાંધિને નાંખો સાગરમાં કર્મે તાર્યા તરશે
ઘંટી ના ગાળેથી પણ જીવ કરમે ઉગાર્યા ઉગરશે
સુખ દુઃખ શાળાના કર્મ મેતાથી ઠાઠ નઠોર ન ઠરશે
ભાતામાં ભુલે જીવ મુસાફર સફલ થાયે કેમ પછી સફર
ચપળ ગતીના વચમાં ચકર વાટમાં
વામા વસમી ઝીલવી ટકર વીરલા નર તરશે

૫

નહીં આવું શ્યામરે, નહીં આવું કાનરે
મારે ઘેર શામળીઓ મેમાન છે.
રંગ રસ પ્યાલો વાલા. પીતારે જાજો
દોસ્તીની વાલા આ દુકાન છે—નહિ
સોના રૂપાનું મારૂં બેડલુંરે વાલા.
પાણી ભરવામાં મારૂં ધિયાન છે—નહિ

રંગરસ રસબસ લાલા રમવાને કાજે
શોખી નર પુરો સુલતાન છે નહિ

૬

ચાલો મારા ચતુર સુજાણ—હાં હાં
મારો નહીં નયનના બાણ—હાં હાં
કાળજે ઉતારી તારી મુરતી રસીલા પ્રાણ—ચાલો
ઘાયલ કિધો તે પ્હેલા ધુતારી મારી નયનનો માર
દાઝયા ઉપર લુણ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેવટ નાજુક નાજુકડી માર્યો ત્હેં હાય હાય ઠાર ઠાર
રસિકવર માર્યો ત્હેં હાય હાય ઠાર ઠાર—કાળજે

૭

નથી જગતમાં સાથ સબંધી વિના ત્રિભુવન નાથ
શું ફોગટ ફાંફાં મારે મુરખડા ભરે આભથી બાથ
કમળપત્ર પર જળ બિંદુને સુકાતા શી વાર
શ્રાવણની જળ ભરી વાદળીઓ વીખરાતાં શીવાર
જીવ તારે સમજવું તેવું આખર નહીં લેવું દેવું
જીવ જવું ખાલી હાથ અંતમાં પાપ પુન્ય સંગાથ

સાખી

પંથી જીવ પામી ગયો નવગઢ નગર બજાર
સોદાગર સમજી જઇ કરો પુન્ય વેપાર.

૮

અરે હું મસ્તાન પ્રેમની મુને કોઈ ન છેડોરે
કોઇ ન છેડોરે ભલા મુને કોઇ ન છેડોરે.
લાચાર હું બીચારીછું શીદ લયો કેડોરે
જુવાનીથી દીવાનીછું મારો છોડો છેડોરે
" પ્રાણદાનછે પ્રીતમાં પુછી કરજો પ્રીત
પ્રા દાનતો સહેલ છે કઠણ પ્રીતની રીત "

૯

ધીરી ધીરી સુંદરી જરા ધીરી તારી વાંસે લીધીછે ફકીરી
નયન મીલાવો પ્યારી હસી બોલાવો
આપીશ આખી અમીરી—એજી
રૂપે રીઝાવું કેતો સોને મઢાવું

દુર કર તું દીલગીરી—ધીરી
ધીરા ધીરા કુંવર જરા ધીરા
સગા માડીના જાયા ઓ વીરા—ધીરા
જેવી પોતાની તેવી નારી પરાઈ
પરસ્ત્રી પરભવની પીડા - એજી
રાવણ રાળાયો દુરયોધન દબાણો
કીચકના થયા ચીરા-ધીરી

૧૦ દોરંગી દુન્યા.

કર કર પરવર ! અમ પામર પર નજર જરી !
દાદગર દાવર મારારે, કરમ કંઇ કરી—કર કર.
અમ નાચારી મંહી તારી કરી ભારી ઉમીવારરી
આ દાતારી ! તુજ દીલદારી થકી તારી માંગુ યારી
દાના ! પગે પરી—
પરીતાપ, ઓ બાપ ! તું કાપ હારી;
અરજી એ સુનો ખરી, મરજી મુઝ હૈયે ધરી ! દાદગર.

૧૧ સૈભાગ્ય સુંદરી.

ચાલો સાહેલી [૨] ભુવનેશ્વરીનાં સૌ મળીને દરશન કરીએ.
દુઃખ હરનારી સુખ કરનારી મુરતી માની અંતર ધરીએ
ભાવ ધરીજો પુજન કરીએ તો ભવસિંધુથી તરીએ
ચુવા ચંદન કુમ કુમ કેસર અરચત કરીને મન ઠરીએ
અબીલ ગુલાલને પુષ્પ માળથી માને વધાવી મંદિર ભરીએ.

૧૨ અ પ્રુમતી.

જપતી પ્રીતમની જપમાળ જીવતી જો અલબેલી.
જોબન રસરંગે જોની આ બની ઘેલી.
વ્યાકુલ તૃષ્ણા વિણુ વ્હાલી વેલી—જપતી.
તનમનમાં વ્યાપી રહો, જોબન વસંતજંગ.
રશભોગી રસીઆવીના, રમસો ક્યાં રસ રંગ,
જાણ્યું નજદિકમાં કોઇ, રસીએ રંગીલા.
ગપચપ કરતા લેતી જા તું ચમેલી—વ્યાકુલ,
પેટ દુઃખે શીર કુટતાં, સંકટ ખાન સમાય.
બળતાલે બાળી સખી, હૃદડે શું હરખાય.
વાહા અકલાએ શાને છેલ છબીલી. વ્યાકુલ,

૧૩ ઉમાદેવડા.

જા જારે શું રીસાય રસીલી નજર મીલાવીલે (૨)
ચટપટી ચિતમાં લાગી ચતુરા ચેહેરો જોવા દે,
હીરા મોતી માગ્ય મધુરી, ઝાંઝર ઝુમણાં લે
મદન અગન તનમા લાગેલી તરત બુઝાવી દે.
સમતા નથી રેહેતીરે સલુણી મરમ વચન મુકી દે,
કલ્પલતા છબીલી તુજ છાયે, પામર પંથી લે.

૧૪

મુને સહાય કરશે મોરારીરે વારે ચઢશે ગોવરધન ધારી
અહલ્યા ઉગારી મીરાંબાઇ તારી,
બેની ચિંતા કરીશ નહી મારી મુને૦
મંજારી બચ્ચાંને બળતાં ઉગારી.
મોક્ષ દીધો ગજેન્દ્રને તારી
દ્રોપતીનાં ચીર પુર્યાં
થાશે તે સહાયકારી. મુને.

૧૫

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો
બોલો બોલો મેના બોલાવે, ડોલો રંગરસિયાજી, ડોલારે
જરી ડોલો ડોલો ડોલો, પ્યારી ડોલાવે
મેના તારા વચનનીવેણુ, લાગીલાગી લલિતલહે લાગી
એનાં વહાલી મેનાકે નાક હે પણ જાગી,
જાગી જાગી અજબ જ્યોત જાગી,
પ્હેલાં પોપટજી પ્યારા રામજી સંભારો
બ્હા બ્હા મેના શું સતી સીતા વિચારો
ચતુર સુજાણ સીતારામ ઉચરાવે
પોપટજી પાંજરૂ સોનાનું સજાવું.
લાડ લીધું લાલચું નથી કે લલચાવું
શાને રૂપે શું ભીડ ભીતરની ભાગી ભાગી૦
રૂડા સુહાગે રંગે રંગે રમાડુ પાંખે ધાલીને ફળ મીઠાં ખવાડુ
ભાવના ભુખ્યા શું ભાવી ભાવના ભુલાવે, બોલો.

૧૬ વીણાવેલી.

ઉગ્યો સખી સુદિનો શણગાર હાર,

આહ્ય આલ્ય જોવાને ચંદ્રમા,
જોને પ્રેમ ઘેલી ભુમીનાર દેદાર,
જોને કાલે સૃષ્ટિ આનંદમાં ઓહો૦
ધન્ય ધરા સુંદરી! તને, ચતુર ચંદ્ર તુજ કાન્ત.
શાન્તિ પાઠ પઢાવતો, સાધીને એકાંત,
ધરણી પડી પતિને પાય, શિક્ષા શિરે ધરેરે,
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય, શાંતિ ચિત સ્મરેરે
ધરોને બહેન! ધરતી માતાનું કહ્યું કાન,
પ્રિતેથી કરો સંસાર સુધારસ પાન-ધરણી૦
ચંદ્રમુખે ચીડાઈને, તારાના મુખ શયામ,
સદગુણીનું સુખ ભાળીને, રમે દુષ્ટના નામ.
સખી! જેને પતિનું માન-તેના ગાંધર્વ ગાએ ગાન,
પામે દેવી સમાન સન્માન, રમે રામા રસિક લઇ તાન
ધરણી નાર સમગૃહિણીએ, સેવે સ્વામી પાય,
ચતુર ચંદ્રસમ ધણી મળે, જય જય ત્યાં ઉચરાય.

૧૭ જુગલ જુગારી.

વ્હાલમજી સાડી ગુલાબી મંગાવો,
પોલકા બનાવો મોતીડાં ટંકાવો.
બંગડી બે હીરાની, મોંઘી મઢાવો-વ્હાલમજી૦

સાખી.

મૂરતમાંજ જણાય છે ધુતારાના ઢંગ
જેવો વાનો પુરૂષો તેવો ચડશે રંગ
હાંશીના હુલાસમાં રસીલી તારી રીસાઇએ-વ્હાલમજી૦

૧૮ કામસેન રસિકા

દા ઉઠીછે દુઃખની દીલમાં શી રીતે ઠંડી થશે
આશ લાગી છે જેમાં મુજને, શી રીતે પુરી થશે-દા
નજરે દીઠી મેં જે નારી, પરણેના જોએ સાથે મારી,
તો તો જીંદગી આ આકારી, કોન કરીને પુરી થશે-દા.
મેં તલવાર કે સીને મારી તેવી જોને આ નેન-કટારી
કમલાક્ષીનાં નયનાં કારી, તો ઘા કેમ કરી રૂઝશે-દા૦

૧૯ કુંદબાળા

કુંઇ ચેટક લગારી રસીલી કહેતો દેહો મને તેં છબીલી-કુછ

કાળજડું કોરી તેં ચીતડું ચોરી, કેદી બનાવ્યો રંગીલી! કંઠ
શાદ ન લેતું દવાએ-દેતુ ! ટવલાવે કાંતું હઠીલી કર્પે.

૨૦ મેવાડનો પ્રતાપીચંદ

અલબેલીના ભરથાર, તમે ચાલો,
હાય હાય નખરાલી નાર તું લટકે મટકે હું બેજાર
છબીલીના છેલા યાર; તમે.
વાહ ! છેલા અમે દીલદાર તું છો આહા ! ઇંદ્ર પરી અવતાર,
રસીલીની રસિક શણગાર; તમે,
લાલ રંગે જમાડું રાજ, પ્રીતી રસમાં ડુબાડું આજ
ઓહો સફળ આજ સૌ કાજ, મેરું મારો તું શીર
તાજ છબીલી.

૨૧ કરણઘેલો.

જાઓ જાઓ ન સતાઓ સાંવરીઆ
મોરા નાજુક તન ગલજાર,
વાપે કીની ફુલ સીંગાર,
કાંહે નજર લગાઓ સાંવરીઆ-જાઓ.
મોરા જોબન ઝુમકે દાર, દયા ધરો દીલ મોઝાર,
હટો કહે સરમાવો સાંવરીઆ—જઓ.

૨૨ વીક્રમચરીત્ર.

એ૦૦૦૦૦માથે મટુકી લઇ જાઉં,
પ્યારા લેહેરી લાલને દુધલડાં પાઉં-એ૦
હું ગોવાલણ નાનિ નારી, પ્યારો મારો છે વિહારી.
રંગ રમાડી રીઝાઉં-પ્યારા૦-એ૦

૨૩ પ્રેમ-કળા.

અતુલ શૃંગાર છો-વાહરે-વાહરે,
હૈયાતણા હારછો-વાહરે-વાહરે,
સંસાર સુખ છો વ્હાલી મારું તું
તું મુજ જીવન આધાર છો-વાહરે-વાહરે
પ્રાણ છબી તું ચીતરી, વારૂં તન મન ધન
ભાગ્યોદય મારો થયો, મળ્યું અમુલ્ય રતન.
જન્મ સફળ કર્યાર રસ પીયું તું,
જડાઇઆ હૃદય મોઝાર છો વાહરે-વાહરે, અતુલ૦

૨૪ વીરમંડળ

ઉડી આવે પંખીડા લાવે પંખીડા સંદેશ-હાંહુ
પીયુ તારો ઘેલી પંથ સીધારયો લીધી વાટ વીદેશ
એકલી અટુલા મુકી નારીને બાળો વેશ-ઉડી૦
ગાયન મેરી હોયન મોરા, શાનો પડયો અંદેશ
ભામની ભોળી ભુલી ભટકે—એકલી

૨૫ મુળરાજ સોલંકી

રંગે ભર્યા આવો આવો રસીલી હેતેથી હૈયાં શું ચાંપીએ
સુરત મીઠી મીઠી છેલ છબીલી હેતેથી હોઠામાં છાપીએ
ફુલાં ફુલાં ઝીણાં પલ્લવ સમાણા ચુંમું અધર લાલ પ્રેમથી
ગોરા ગોરા ગાલ ઉપર હું રાણા મારું તો જરાક એમથી
વાહ વાહરે ઘેલી વાહ વાહ છબીલી.
પોતાનાં કીધાં ન ભુલીએ બદલામાં બાહુથી બાંધી રંગલી
આવો ઝુલાપર ઝુલીએ. રંગે૦

૨૬ અશ્રુમતી

તગદીર ખુલા તસવીર નજર આતી હે,
માસુક તુંહી બુલ બુલ મુજે ભાતીહે;
તેરે ગાલ ગુલાબી નેન અજબ કાંતીહે,
તેરી પતલી કમ્મર જેસી કમાન મીલજાતીહે.
હુસ્નોપે તેરે સેબાવર કમર બીલહારા.
તેરી નાજુક અદાને મુજે જાનસે મારા,
તેરી આંખ ચમકતી રાત દીન દો તારા
તેને માસ ચસ્મ સમસેર ખેંચદો ધારા.

૨૭ ઉમાદેવડી.

છોડો છોડો છબીલા, જાઓ હઠો હઠીલા
મારી લુટારો નવલખ લાજ—છબીલા૦
તમે મ્હોટા પુરૂષ મહારાજ, પાણી પ્હેલાં
બાંધી લ્યોને પાજ. મારી.
વાહ વાહ વચન રસીલાં, તારાં નયન રંગીલાં
ગોરી ગાળ ગરવને ગુમાન-રસીલી પ્યારી૦
લાગે જેને પ્રીતનુંજ તાન, ગણે નાના
મોટા સૌ સમાન. ગોરી.

કંથને કથે જગમાં બધા, વિરલા પાલણહાર;
પ્રીત ભગત ભામા સદા, વચન નિભાવણહાર.
મુકો માનુની ગુમાન, શાણા દાસી છું
તારી સુજાણ
ચાલો ચાલો ચતુર પ્રિય પ્રાણ-છોડો૦

૨૮ ચંદ્રહાસ

થયાછોરે પતી તેજ પ્યારિ તનના, ઉર હસિ વરિ આજે.
છેલ છબીલા, રૂડા રંગિલા, રાજપુત્ર પ્રખ્યાત,
જોયા બાગે, અનુરાગે, ચીત લાગે, કેમ ત્યાગે, પ્રભુ
મેં તનમન તમને અરપ્યું થઈ રાજી-થયા૦
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયાં, દીલમાં જે ચીત ચાહ
નોતું નક્કિ, નોતી વક્કિ; નીસા પક્કિ, વીધી લખિ;
પ્રીયા ઉત્તમ તનમન બની દેવ સુંદરિ,પદમણિ મળી આજે.
મ્હેલ જતાં તે દી તરછોડિ, હવે ન મુકું હાથ;
ચાલો આવું, મન ભાવ્યું, કેમ નાવું, પ્રયિ કહાવું,
હવે હાજર છું તનમન ધન દેવા, જેમ પ્રેમ છાજે. થયા.

૨૯ સૌભાગ્ય—સુંદરી

ધીમા ધીમા ચાલોને મારા પ્રાણરે,
પગ નાજુક તમારા આ મચકાઇ જાશે, કમર લચક ઇ
જાશે, ઓ સુજાણરે.-ધીમા૦

૩૦

નાજુક વેલી ફુલસમી, કોમળ આ તુજ કાય,
ધડકે છાતી શ્વાસથી, એ અંગાજથી ઓળખાય,
પરસેવાનાં બીદું આ બાઝયાં મુખે,
મુખ રાતુ થયું થાક અતિ દુઃખે,
આ છાતીપરે લયો વિસામો સુખે, ઓ-સુજાણરે-ધીમા૦
જરા નચાવ નખરાવાળી
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા,
લટક મટક અને ચટકતી ચાલ આમ, ઝાંઝરથી ઝમકાળીરે
જરા નચાવ નખરાવાળી.
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા

શ્યો ઝટકો મટકો ચટકો આ, આથી સતાવો શું હાલીરે
જુઓ નાચે આ નખરાવાળી.
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા.

૩૦ કૃષ્ણ ચરિત્ર

નમો ગોપાળ નંદ નંદન ગોવીંદ નમો,
શ્રી ગોકુળચંદ નમો
કરૂણાનંદને, બાલ મુકુંદને,
દેવ સકલ વંદ્ય નમો-નમો,
કાલિય ગંજન હરિ નમો
વંદુ આત્મારામ,
પુરણ પુરૂષોત્તમ નમો
સદાય પુરણ કામ,
ધેન હાથે ધર્યો,
ગોકુળ ઉદ્ધાર કર્યો,
ઈદ્ર તણો ગર્વ હર્યો,
આનંદ કંદ નમો—નમો.

૩૨

જાણી જાણી સખી અજાણી બની બહુ સ્યાણી
બની દીલજાની બની—જાણી
નહિં છેડો નહિ છેડો વ્હાલીજી મુક કેડો
એ નાથ વિણ ના ગમતું.
(કાંથી ગમે) રંગીલો રસીલો છબીલો
સુઘડ કનક ચિતમાં ચોર રમે
બહુ બોલી, અંતર છોલી, ખરૈ ઘેલી.
તું મન મેલી હટ જા ખસ જા
મુરખી દુર થા
હા હા હા હા—જાણી જાણી

૩૩

કહોજી આપ દેશ કીયો વેશ ખુબ ન્યારો
ખુબ ન્યારો તે ચેરો અતિ પ્યારો-કહોજી
જની રમાડો પ્રીય મેમાન થઇને
કામાગ્નીથી ઉગારો --કહોજી

પ્રિય તમારિ જાણી લ્યો મુજને
મુકીદો ખોટા વિચારો —કહોજી.

૩૪

બટવા ગુંથન દે મેરી જાન બટવા ગુંથન દે
મોરી પ્રિયાકા આલા જોબનવા બટવા ગુંથન દે
ચીકનેમે ચીકના પીપળકા પતા ઉસ્સે ચીકના ધી છે.
ઉસ્સે ચીકના પ્યારીકા જોબન યારોકા લલચાયજી-મોરી
નદી કીનારે બગલા બેઠા ચુન ચુન મછી ખાય
બડી મચ્છીકા કાંટા લગા તલપ તલપ જીવ જાય-મોરી.

૩૫

દા લાગ્યો દલડામાં જાનાં ક્યાં જઇએ ઠરીયે
કાં જઈ ઠરીયે અમે બળી મરીયે ઉભા બળી મરીએ
ગંગા જમનાને તીરે ગાડર સોડયાં રેઢાં
તારી પાસળ પાસળ ફરીએ અમે હાડી ફરીએ
લખરડો લાડો હું લેખરડી લાડી તું
હરખ હરખાં સોડી હીંદ વરીએ ભુડી હીંદ વરીએ
ધરડો ગોઝારો ગોતી હું હર્ખે માણવાની
નેહ લગાડી વછવો નવ કરીએ ભુંડી નવ કરીએ
કુંવારા કામળી ઓઢી આણું મારીરે
જાત જનમારે જીવડા ખડસું ચરીએ ખડસું ચરીએ

૩૬

પીયુ સંગે, રસ રંગે રમીશું જમીશું ઉછરંગ
ભાત ભાતનું ભાત હું લાવી આવી ઉમંગે.
ચડવાને રસ અંગે
ભર જંગલમાં મંગલ મારે પ્યારા પ્રસંગે વશ કીધીરે,
ઉમંગે પીયુ.

૩૭

નજર કરો નાથ જરા ઓળખી લ્યો નારી
હું હું બીજી કે કંથ, આપનીજ પ્યારી—નજર.
હેમ પ્યાલો હાથમાં ને માંહી મીઠું દુધ
પીધું શ્યામા પાસથી, શું તેની ભુલ્યા શુદ્ધ
કોણ હતી કંથ એતે દુધની પાનારી-નજર

૩૮

કળજુગમાં બળ કામદેવનું, યુવા થતાં ઉભરાશે;
નિજ ઘરમાં સુખ નહિ નારીને તે પર ઘરમાં જાશે;
ભુખ સઘળું ખાશે, અંધ બન્યા પસ્તાશે,

૩૯

જનમારો આકારો મારો છે,—(૨)
અંધ બન્યો થઈ આંખો અલગી વિવીધ પ્રકારની વ્યાધી વલગી
પુત્ર વીરહ દવ ઉઠયો શલગી જાહીર જગ આ ખારોછે—જન.
દક્ષીણ ભુજ પડયો મુજ રણમાં કેમ હવે હું લડીશ અરીગણમ
વીજય વીશાર્યો છે નીર નયણમાં વધ શરીરનો વારોછે-જન.
પ્રગટયું પાપ પરમ આ પુરનું તનય રત્ન ટાલ્યું ભરવુ શુરનું
રાજય થશે હવેતો કોઈ કુરનુ નકી આ દીવસ નઠારોછે.જન.

૪૦

ઓ અવચારી દુર્ગણ ધારી, ઇજત તમારી ફટફટ ફેલ
શાની માયા બાપ કમાયા બેટા ખાયા ખટપટ ખેલ.
ટેવ નઠારી લુચ્ચા તારી ઠગ વેપારી રાટપટ મેલ;
સદગુણ છાયાં શુભ કહેવાયા, સુરપ મરાયા ઝટપટ જેલ.

૪૧

જોડી જુગલ જુવોરે નરનાર કજોડાંને નહીંજ હણે;
અણજુગતમાં નહી સાર જુગલ વિણ જીવ ન અળે.
જુવતીને જોબન બહુ આવ્યું અગ્રસમજુ વર બાળરે;
સમજુ વિણ સુંદર વાકીની કોણ કરે રખવાળ-જુગલ,
મહાસાગરને ભરતી આવે ગંભીર પણ ઉભરાગરે;
મદન દમે અબળાને ત્યારે પરઘર હોંસે જાય-જુગલ.

૪૨

ગદ્ધા ગદ્ધા સચ્ચા ગદ્ધા રંડીપે મરજાવે,
અંધા હોકે પૈસા ઇજ્જત દોનું બાત ગુમાવે,
પૈસા હોવે પાસ બુલાવે, નહીતો લાત લગાવે.
યાર બને બેજાર બદીકા બદફેલ બંદા ખાવે
પૈસા જો હોવે ખનતન બન પ્યારી નાચે ધનનન!
બીન પૈસા મુંસે બોલો થપ્પડ મારે ધનનન!
રંડીકા બેટા બન રંડીકે ઘર આવે.

૪૪ અશીરે હીરલ

અમ્મા મુજે અચ્છીસી ટોપી મંગાદે.
ટોપી મંગાદે ઘોડા દીલાદે જોડા દીલાદે; સીલાદે;
ડીમે હેટુંગા ઘોડપે બઠ્ઠુંગા કચ કચ હુહુંહું
આહીસ્તા આહીસ્તા આહીસ્તા બસ થમથમ,
અમ્માં મુજે બંદુક છોટીસી લાદે;
બંદુક લાદે ભાલાં મંગાદે તીરો કમાન દીલા દે;
તોપોકો છોડુગા કીલેકો તોડુંગા ગોલા ચલાઉંગા,ધરરરરરધુડીમ
ઝટપટ હો ઝટપટ હો ઝટપટ હો ફુઘર વરર ધુમ ધુમ.

કોઇ દુધ લયો દિલ રંગી
શોખીલા શાણા ઉમંગી હો; કોઇ૦
કેફી પીયે કસુંબલો, ગાંજો પીએ અણુજ
દારૂ દીવાના પીયે, દાના પીએ દુધ-હાં-કોઇ૦
એક અમીરસ દેવનો, બીજો રસ છે પ્રેમ.
ત્રીજો રસ ગોરસ ભલો, પીપે કાયા હેમ-હાં-કોઇ૦
ગોરી ગવરી ગાયનાં, ગોરાં મારાં દુધ,
હું પણ ગોરિ ગોરડી, ગોરૂં દિલછે શુદ્ધ-હાં-કો ૦
હેમ કટોરો હાથમાં, મારી અમૃતસાર
ચતુર હોય તે ચિંતવે, ગુણ સમજે ન ગમાર.

૪૫ મુલરાજ સોલંકી

ગુલાબી મધુ પાજો મારા લાલ, મારા રંગ ભીના મહારાજ,
મારા રસિકા છબીલા રાજ, ગુલાબી૦
કામની કેરો કંથડો રે, જોબનીયાનું જોર;
રસીયાનો રસ પ્રાણ છેરે, મીઠા મધુનો તોર. ગુલાબી૦
એક બુંદ બંધન હરેરે, પ્યાલો હરે સહુ પાપ,
શીશો સરગનો સાથીડોરે, આપે આનંદ અમાપ. ગુલાબી૦

૪૬ — કરણઘેલો

ચાહે તું ધિક્કાર માર પ્યારમાં બોલાવીને.
પ્યારમાં બોલાવી પ્રાણ સુખમાં રોલાવીને; ચાહે.
ચુક પડી ક્ષમા કર કોલા હવે.
શાન્તિ તું પમાડ વિરહ અગ્નિને ઓલાવીને. ચાહે.

તારા સમાન નથી વ્હાલી બીજી મને
આન સુક માનીતી મન મદને બોલાવીને. ચાહે.

૪૭ ઉદયભાણુ

પંથી પરદેશી ચિત્ત સોંપી હું આ આ......લી
મનને ભાવે તે કરજોરે પુન્યશાળા......લિ
તરસ્યાને ટીંગળાવવા, પડદે રાખી પ્રીત,
પુછું પ્રવીણ પંથીએ, કોણ ગામની રીત.
શુભ સંદેશા લઇ સંચરજો હું આ ચા......લી
બાહા મહિનાનું માવડું જંગલ સંગલ ગીત,
સમય વિનાનું બોલવું, ત્રણેની એક રીત.
હું વેલા મંડપ માંહી મળજો આ ચા......લી

૪૮ માધવ વિલાસ

બળુછું પ્રેમ આગમાં (૨) મને કોઈ બચાવોરે,
કોઈ બચાવોરે બેની મારી વારે ધાવોરે, બળુછું૦
હેરાન હું બેભાન છું મને શીદ સતાવોરે,
શુદ્ધશાન વીન નાદાન છું મને કોઇ બચાવોરે. બળુછું
પ્રીતમ પરદેશી થતાં, ઉઠી અંતર આગ,
આભુષણ ભુષણ દીસે, જાણે જેરી નાગ.
દીલદાર હૈયાહાર (૩) મારૂં કોઈ મીલાવોરે. બળુછું.

૪૯ કલાવતી

સ્વામી મળવાની લાણુ, સહાય આ પ્રાણુરે ! સ્વામી.
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણ ! સ્વયંવરલાણુ.
તારે હાથ પ્રાણ લેજો મારા પ્રાણ, પ્રાણ પ્રાણ; સ્વામી.
હવે ચાલો, બહુ ગાલો, વખ ઠાલો, જરી ભાલો.
કોક પકડે, બાજી બગડે ! થવે હાણ સાટાલો. સ્વામી૦

૫૦ અશ્રુમતી

શું નટવર વસંત થેઇ થેઈ નાચી રહ્યો.
નાચી રહ્યા જગ નચાવી રહ્યો-શું૦
કોયલ મધુર મુરલી બની, છેડે નટવર કાન
વિરહઘેલી ગોપી ઘણું, તજી નીકળી અભીમાન
રશીઆ વિનાનિ બની બાળાઓ બાવરી
લેણું વસંત ચિત વીંધી ગયો—શું૦

શીતળ સુખકર પવનની, લ્હેર ઘુમે ચોપાસ
જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ
વિધ વિધ પંખીના વેણુ ઘુઘરી ધમકેરે
અહિં મહિં મેનાના નાદ ઝાંઝર ઝમકેરે,
નવપલ્લવ વાઘો ધરી, પચરંગી શીર પાઘ
ફાગલાગ સાધી રમે, મદનરાજ મહાભાગ્ય
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાદમાં
પ્રીતી ગુલાલ લાલ છાઈ ગયો-શુ૦

૫૧ રસીકરમણ

ચલરે ગાગર ચલરે આગર જમુનાજી જઇએ
જમુનાજી રળીઆમણારે ગાગર ઘુમે. ચલરે.
પાણીડાં જાઉતો મને તડકોરે લાગે
સાહેબા ચંદરવા બંધાવો રે, ગાગર ઘુમે ચલરે.
શેરીએ ચાલુતો મને કાંટોરે ભાગે
સાહેબા ગાલીચા ઢલાવોરે, ગાગર ઘુમે ચલરે

૫૨ સૌભાગ્યસુંદરી

પીલે શરાબ મજેદાર મેરે યાર......પીલે
જાહીર દિલકો જોસમેં લાવે,
રંજો હટાવ હજાર મેરે યાર......પીલે
દર્દતમામકો ગર્દ કરત હે
શરદમેં બહોત બહાર મેરે યાર......પીલે

૫૩ કળાવતી

શું બાદ કરમાવો કોમળ ગુલાબી આ ફુલ
યોવન નવરંગેથી કાંઇ ખોલતું ટપકેશી લાલી અમુલ શું.
રંગનો રસીલો વેલો આવીને મળશે ઠીકું પાડોશાનેશું૦
ધીરાં નયનોથી નયનો મીલાવી, ખીલવશે પ્યારૂ આગુલ-શુ

૫૪ પ્રેમકલા

હુંતો લટક મટકથી ચાલીશ કરતી હજારો નખરાં નાજા
આંખ મારૂં સહુ રીઝાવું જુએ મારી સામું
નામ રસીલી છબીલી પડશે રંગીલા ભીમાનું. હું૦

ઘુંઘટવાલી લટકાં કરતી નરન પગલાં ભરતી
ઘરવાલિ મુજ બાઝિ પડવી વારિ વારિ કરતા. હું૦

૫૫ વીણાવેલી

પ્યારે તેરે અંગમે ફુલનકી બહાર હય સૈયાં,
ફુલનકે બાજુબંધ ફુલનકે ગજરા
આર સોહે ફુલનકા ગલે હાર હય.–પ્યારે૦
નેના કમલ ઓર ચહેરા ગુલાબ હય,
ગોરે ગોરે ગાલ સઈયાં ગુલે અનાર હય.—પ્યારે૦

૫૬ વિબુધવિજય.

પ્રેમનો કોલ દીઓ રાજકુમાર, મારા થઈ ચુકયા પ્રાણાધાર;
મારા રસીઆ રાજકુમાર.
લીઓ કોલ આ પ્રીતથી, ગણો સદાનો દાસ,
રસીયા રસ સબ કરી, બાંધી પ્રેમનો પાસ. પ્રેમ૦
મદુર મુખ જોયા વિના, ક્ષણ હવે રહ્યું નવ જાય,
પ્રેમ વિધિથી હસ્ત મેળવ્યા, વિના ચુંબન નવ થાય. પ્રે.

૫૭ પુષ્પસેનપુષ્પાવતી

પ્યારાને મારાને આંખોના તારાને ચાલોની મળવાને
જઇએ સખી.
પિયુ ભેટ લેવા અધીર મુજ દિલડું
એજી મનમોહનની સુરતી નિરખવા
સંગારે વ્હાલાની સંગે વિલસવા,

સાખી.

પ્રિતમ તારો પામશો, ચાલતું મુજ સંગાથ
રસિકવર રીઝાવશોરે, રહે બન્નેની રળીયાત.
શાંન્ત થાશે તનમન પામી પ્રાણ પ્યારો,
ચાલ ચાલ વ્હેલો આભાર માનું તારો.

૫૮

દિલ મારું માને મનડું ઠરે નહિ, ત્યારે કરું શું
તાતજી ?
મેં જોયું ફરિ ફરિ જોડી મળે નહિ, કોને વરું હું
તાતજી !

મેહું પ્રીતી ઝળકી હતી, અહીં આવતાં સમાઈ ગઈ
ઉરમી અંતર ઉછળી હતી, નૃપ દેખતાંજ દબાઈ ગઈ,
હીરલો અમૂલ્ય ખરીદવા, ઉમંગ ભર આવી અહીં
પણ અંતરે અંકુર ન ફુટયા, પ્રીતિ મહેકાવી નહિ.
છતી આંખે દીવો લઇને પડી કુવામાં હુ ડુબી મરૂં
શું તાતજી,

૫૯ સૌભાગ્યસુંદરી

મારા તનમાં મનમાં ભર્યો છે ઠર્યો છે ભય જોઉં ગજ મોતી
વળી ગુમાવ્યું મેં ભાગતાં ભાગતાં (૨) નકવેસરનું મોતી
હાલવું ચાલવું હારોયું હાય, જીવ મારો ગભરાય,
કે દી ફરી મારૂં મળશે મોતી,ગોરી હું કાઢીશ ગોતી-રામ

૬૦ જુગલ જુગારી

નાંહીં બનશેજી પ્રીતીનાં મોતીનું મુલ
મોતીનું મુલ આખી દુનીઆં છે ડુલ–નાંહી.
પ્રીતીના હેજામાં એ છે વસુલ–નાંહી.
સાગર રસનો છીપ છે દિલની
પાકે મોતી, પાણી ઝામે અતુલ–નાંહી.

૬૧ દિલ ફરોસ

દીલ જાની મેરે મેરી તુને કદરભી ન જાની
અબ આવો સૈયાં ન સતાવો સૈયાં
નજર આવો સૈયાં નજરાવો સૈયાં જાની દીલબર
જો ચમનસે ગુજરે તુ અય સબા
તો યેહ કહેના બુલ બુલે જારસે
કે ખીજાંકા દીનભી હંય સામને
ન લગાના દીલકો બહારસે.

૬૨

મય ન માનું ન માનું મનાય,
પિહરવા જાઓ હટોજી જા, મ.
ભર ફુલનકી સેજીયાં રહી અમન ચમન મુરઝાય–પિયરવા
તુમ ન આયે બાલમાં મેરા બીનો જોબનવા જાય મિજા, મ.
[illegible]

રઐન બીતી સાજનાં કાહે સહર મનાવન આય,૧૫,જા

૬૩ રામ ચારત્ર

અરે વાહરેવાહ નાથ મારા રસીઆ રંગીલા સ્વામીર,
રંગ રંગીલા સ્વામીરે, છેલછબીલા સ્વામીરે. અરે.
પ્રેમ સુધારસ પાઓ સીતાજી, અધીર મન અકળાય.
લટકાળા, મટકાળા, રઢીઆળા, મણીમાળા,
મળ્યાં ઉતમ મને જનકની બાળા, આધી વામીરે.

૬૪ નવલ કુસુમ

સ્વીકારો સલુણી મારા પ્રમની નીશાની
મન મોહના હું માથે ચઢાવું-સ્વીકારો.
એ નિશાનીથી બંધાણી મારા નાથથી સદાની,
મનમોહના હું જીવથી જડાઉં-નિશાની
હવે તો હું તારો, તું મારી સદાની.
સાક્ષી સુજાણ દેવ, લગ્ન કીયાનિ,
દઈશ હું સુશાણી દઇશ હું સુશાણી સ્વીકારો.

૬૫ કરણઘેલો

આંખલડી અણીઆળીરે, જરા નચાવ નખરાંવાળી
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા,
ભમર કમાન જરા ખેંચી ખુણેથી, કોધ કટાક્ષ કર આ-
જે નખરેરે તારા વાલમજીને વશ કીધા, (લીરે-જરા૦
ચટક મટક અને ચટકતી ચાલ આમ, ઝાંઝરથી ઝમકા-
જે નખરેરે તારા વાલમજીરે વશ કીધા, (ળીરે-જરા૦
લ્યો લટકો મટકો ચટકો આ, આલી સતાવો શું ઠાલીરે,
જુઓ નીચે આ નખરાવાળી, જે નખરેરે તારા૦

૬૬ મુળરાજ સોલંકી

ધીરી હાં ધીરી હાં બાલા ધીરી રે ધીરી.
એ સમય પણ આવશે નાવલો રમાડશે લડાવશે ખીલાવશે
સરંગે ભીંજાવશે-ધીરી હાં૦
સખી આ સખી સત્વર આવો બાગ નહીં કો ચોર જણાતો
ચોર નહીં તું ચોરક ચિતની તુજ તનમન સર્વ લુટાયે

૬૭ બાહારે ગુલશનની

કસુબી કસુંબી કસુંબી કસુંબી રંગ હો ગએ.
એકતો મેં નેના કસુંબી કસુંબી રંગ હો ગએ (૨)
કાં કાં જાગે સારી રાત નેના કસુંબી રંગ હો ગએ.
એક તો મેં રાજા મેં રાજાની બેટી (બેવાર)
મેરા સૈયાંહે નાદાન નેના કસુંબી રંગ હો ગએ.
એક તો મેં પાનો મેં પાનો મેં પાનોસે પતલી,
સજ્યાહે સોલે સણગાર મેં નેના કસુંબી રંગ હો ગએ.
એક તો અંધેરી અંધેરી અંધેરી સી રતીઆ (બેવાર)
બણી છાયાં ઘમઘોર નેના કસુંબી રંગ હો ગએ.
એક તો મેં બાલી મેં બાલી મેં બાલીસે ભોળી
મેરા સૈયાંહે નાદાન નેના કસુંબી રંગ હો ગએ.

૬૮

ધન ભાગ્ય પધારયા ભમરા—છો દીલહર ડાહ્યા ડમરા,
કમલાપતિ આપહું કમલા રસીઆ રસીક શણગાર,
તું પ્રેમ બતાવે ખોટો—પાતર ઘર પ્રીતિ તોટો.
નહિ ગુલાબ હજારી ગોટોરે તું૦ છટકેલ છેલી નાર,
શૃંગાર મઝા નહીં માણી—ફોગટ સમજો જીંદગાની.
છે ધરમ કરમ કુલ ધાણીરે. શૃંગાર૦ રસીઆ૦
છે વિષય વિષનો પ્યાલો—જમપુર નક્કી જ્યાં ઝાલ્યો
ભવ એળે મદનથી મહાલ્યોરે—છે૦ છેલી૦
હજુ કુંવર તમો છો કાચા-નથી શીખ્યા મદની વાચા.
નથી નયન મુરલીએ નાચ્યારે—હજુ૦—રસીઆ૦

૬૯. રૂકમણી.

બાદીલા બેગે આયોરે મોરો જોબન બીતો જાય. બા૦
ચંદા તેરી ચાંદની, સુતી પલંગ બીછાય
જબ જાગું તબ એકલી, મરૂં કટારી ખાય. બા૦
પ્રીતમ પ્રીત લગાય કે, છોડ ગયે પરદેશ
જાવું વાકે ચરનમેં, લઉં જોગનકા બેશ; બા૦

૭૦ જયરાજ.

મોહન આવો મઝાપતાને પોઢો પ્રેમે પલંગ,

અંગ ફુલ્યાં નવરંગ અમારાં, રાય રમોને રંગ.
સલુણા સાહેબજી હો, મોરે મન મોહની લાગી રાજ.
આજ ભરી ભરરંગ તમોને છાંટું છબીલા છેલ.
ચઉદ બ્રહ્માંડ ચકીત બને એવા ખાંતે બતાવું ખેલ; સ૦
એક છબી છે આપની એવી સુરજ કોટી સમાય.
પારસી પીરસી કંચન થાશું હર્ષ હૈયે નસમાય; સ૦

૭૧ વીણવેલી

પાતળીઆ પરીશ્રમ લ્યો શાને પોઢોને મારા સમ મારા સમછે.
ચાલોને ચપળા આવું હું આટલે, નાથજી મારા સમ મારા સમછે
ચિન્તાને ટાળવી, પુંઠ ન વાળવી... લુડીને ભાળવી
આ...પ્રાણપતિ મારી વતી—પાતળીઆ.
(રસીલી તુનો રોજ હસ્તીને હસ્તી સતી પાસે છતાં
પતિને હોય કે તસ્દી)
અલબેલી રાખે રસભર સુખી જ્હારે તેને ધન્ય તેને ધન્ય છે
પતિની ઉદાસી ટાળી રહે દાસી—
આ...શાણી સતી ભાગ્યવતી—પાતળીઆ૦
(ચાલ્ય ચાલ્ય તોયે થોડેક આવું જાઓ ત્યારે મારેજ નથી જાવું)
તારા જેવી સતી સુંદરી પામે વાહરે તેને ધન્ય તેને ધન્યછે
મોહની માળા, જપે બેઠી બાળા, છબીલા છોગાળા
આઆ.....શાણી સતી—પાતળીઆ૦

૭૨ મદનવસંત

કહું વાત હું વિગતે વિચાર, વનિતા! વખત વધુ ન લગાડ
કર ધરીને કરવર પ્યાર, વનિતા! વખત વધુ ન લગાડ
રંગે રમાડું, સંગે જમાડું, પ્રીત ચખાડું, રીતિ દેખાડું
રસસા ડુબાવું નાર, વનિતા! વખત વધુ ન લગાડ—
વિધ વિધ સાડી, પહેરાવું દાડી, કમખાને ચોળીનેઆસીયોનેનાડી
હાર હીરાને માળ સુંવાળી ઝાંઝર ઝુમખું મોતીની વાળી.
ખવરાવું પકવાન આ તુલે જાડા પગમાં બે જોડાને છતરીલેકાળી
ગાડવાને ગાડીને ફરવાને વાડી હું તારો લાડો તું મારીલાડી
હું તારો પાડો ને તું મારી પાડી
મીઠા મીઠા મેવા ને જોઇને જોઇને લેવા
મહેરાજી ... ... ન ... ખાના કે પીવા

તું ચાલને થા તઇયાર—વનિતા૦—કહું૦

૭૩ ચંદ્રહાસ

ડરમાં તું દીલસાથ છોકરા, ડરમાં તું દીલસાથ;
તને કોઈ ન મારે લાત. છોકરા૦
તુંને સંભાળુ પ્રીતિથી પાળું, ચાલ તુને મારો મેહેલ દેખાડુ
ઘરેણાં વસ્ત્ર સારાં સારાં કાઢું, ચાલતું જોમારા મહેલના ચીત્ર
રમકડાં રૂડાં ન્યારાં વીચીતરો, અરે મારે કેવા છે કંકણ હાથ
જોજે મારે કેવા કંકણ હાથ—છોકરા
તમે માયાળુ દીલદયાળુ સૌના કહ્યા વિના હું નહીં આવું
માત પીતા તમ ભ્રાત કોપાવું, વિષયાજી એ હું સત્ય કહાવું
નાના નહીં હું તો ત્યાં નહીં આવું, તમે મુકો મારો હાથ. છોકરા

૭૪ ઉદયભાણ

ભાળાં ભોળાંરે કુમારકા, પરણીને પસ્તાયાં રે,
પેલાં ફુલી થયાં ફાળકાં, હૈયડામાં હરખાયાંરે;
ચાર દીન વહુ લાડકાં, મનડામાં મલકાયાં રે,
બન્યાં એકદમ કાળકાં, અંતરમાં અકળાયાંરે,
ર્હેતો જાણ્યું કે ભાઇ ફુલડે પુજાઇશું,
ખાજાં જલેબી નિત્ય નીત્ય ખાઇશું—
મ્હેં આગળથી, મનમાં ધાર્યું, માન નહીં મરડાઇશું
નણુદીના વીરને ઘડી ટીંગળાવી બાગોળે પાઈશું રે,
મોહન મળીયા, વાતમાં વઢીઆ.........
નળીયાં ખખડીયાં, વાણી ઉચરાયાં (લે રાંડે દીવો)
રહે કહ્યું ઉહું (૨)......ચડસમાં ચઢીઆ, ખુબ કકળીઆ
ઉહુંનું ઓસડ—સોકા પડીઆ—પરણી
પરણ્યો પીટયો પરઘર ભટકે, ઘરમાં ન ખાવા પીવારે;
વરણાગીમાં વાંકો હીંડે, પતિ એવા કુળ દીવારે
તોયે એ આહરે—ઘોકે ઘીઆઇએ—પરણ

૭૫ જુગલ જુગારી,

અમો અબલાને માયા વ્હાલીરે વ્હાલીરે વ્હાલી
પ્રીતી વ્હાલી રે—અમો૦ વસ્ત્ર કરાવો, ઘરેણાં ઘડાવો
મોતીડમડાતો મત ખાલીરેખાલીરે ખાલી મન ખાલી-રે-અમે
નેહની નજરે નાથજી મારા નારી બને ઘેલી રે

કાલી રે કાલી ઘેલી કાલી—રે અમો.
બંસીવાલા આજોરે મારે દેશ તારી સાંભરી સુરત પ્યારેબેશ-બં
આવન આવન કહે ગયોજી કર ગયો કોલ અનેક
ગિણતાં ગિણતાં ઘસ ગઇ મોરી આંગરિયારી રેખ
સાંવરીઆ, રસીલા, સજ્જુણા પીયા જીયામેં કરૂ એ નીસાર

૭૬ જુગલ જુગારી.

બોલ બોલો અલી રસબોળી પ્રીતમનું નામ—બોલ
તને કે.ણે ભુરકી ભભાવી ?
તને કોણે લગની લગાવી ? વ્હાલમનું નામ—બોલ
આવો બ્હેની આવો, ન ગભરાઓ, ન અકળાઓ
કાં જુલમ કરો, કાં શરમ ધરો
અલી અલખધુતારી તુજ ધ્યાન કયો મીજમાનઅંતરઆરામબો

૭૭

જામે જયમ જયમ જામની જામે રસ ઝણકાર
કુલટા મન કંકાસને સતી મન હરખ અપાર,
રાતલડી રળીયામણી મન મોહનજી
કરે ચાંદલીઓ ચમકાર મન મોહ્યુંરે મનમોહનજી.
શીયળવંતી ને સાધવી, તેના સુખ ભંડાર
બોલ્યા પ્રભુએ ખંતથી, આ રાત્રી મોઝાર.
પ્રેમ ભરી સતી પ્રેમદા મન મોહનજી
તેના વાલમ છે વશીકાર મનડું મોહ્યુંરે મનમોહનજી, રાત૦

૭૮ નવલકુસુમ

નણદલ વીરા અધીરા જરા ધીર ધીર—નણદલ
સુકોમળ સ્નેહથી સજન સજન સજાવું છું.
નિરમળ નેહ જળ શિતળ છતે છંટાવું છું.
પરિમળ પુષ્પ જોબન બાગથી બહેકાવું છું-નણદલ.
શાન્તિ અંતરે ભરયાં પ્રિતિ ગીતી ગાઉં છું
સુધારસ કરતાં શાંત નયન હું નચાવું છું
મીઠી મીઠી હાશ ! ભરી શાંત વાયુ વાવું છું
મીઠી શાંત નીંદ સાહ્યમા શિર છાઉં હું-નણદલ૦

૭૯ કળાવતી

મારી પિયુ લાગી તમથી પ્રીત કયાં તજી જાઉં હું વાલમા-મારી

તમવીણ ચેન નહીપછી કેમ ચાલે મારેમન ઘડી જુગ જેવી ગણાય
બેઠો છનનનનનનનનન—મારી

(સાખી)

સાચી પ્રિતિ મીનની, જળવીણ જીવે કેમ;
તમ દરશન વીણ તડફડે, આ જીવન પણ તેમ-મારી.

૮૦ લયલીનહાર.

ન ગુલ હો તો ભાયે બુલબુલકો કયા લાલજાર
હુય ગુલજાર ઉસકો ખાર કોઈ જિસકા નહિ દિલદારરે-ન.
એકલ ચંચલ જિયા કલસે સોહે નહિ શીગાર
કારી કટારીયા લગાય કીયારી જલાયેજી બાદે બહારરે-ન.
ચયન પડે નહિ સ્યન કટે નહિ, નયન બહે જલધાર
કલદે ચમનકી કલી બે કલીમેં ગુલકો ગલેકા જો હારરે ન.

૮૧ નવલ કુસુમ

બોલબોલ ગુમાની ગોરી બોલ કાંઇ કોકીલનો કંઠ ખોલ ખોલબો
છોડ છોડરે છકેલા છેરા છોડ મન મોહનાના મુળ આસ બોલ
જો આ ગુલાબી ગાલે દિવાનો બન્યો
આ મરકટા મ્રણાલે મસ્તાનો બન્યો
તુજ પ્રેમ દીલ ઉજાલે પરવાનો બન્યો
કામી અંધ તું અકાલે મરવાનો બન્યો
મરવાનો બન્યો નહિ ઠરવાનો બન્યો—કાંઈ બોલ.

૮૨ કામલતા.

રસ ભર્યું આ જોબન જાય રસિક રંગીલા વિના
અંગ ભર્યો આ રંગ સુકાય, રંગીલા વિન.

સાખી.

સુંદર બાગ શરીરનો ખીલ્યો છે નવરંગ
અંગ ફુવારા ઉડતાં તાળીના અનંગ.
ફુલ પ્રેમરૂપી કરમાય ખીલાવે કોણ ભોગી રંગીલા વિના

૮૩ હરીશ્ચંદ્ર.

મન મયલ મિટે, તન તેજ બડે, દે રગ ભગકા લોટા
સૌ રોગ ટળે, સૌ સોગ જસે, કરે ભગ અગકો મોટા

જમ તાર જમે, આજાર રમે, નવ હાથ બડે જી છોટા
તન સાફ, મન સાફ, હો સાફ આદમી ખોટા—મન
લે કદ દુવમે ઘોલા, તો ભાંગ બના અનમોલા.
કર પાર ભગકા ગોલા, હરબાર બમ ભોલા.
ઉઠ ભોર નહાકે ગંગ, ચડાલે ભંગ, જમાલે રંગ
નિશાલે ઢગ, દિખા દે જગી કુડી સોટા--મન
ભંગ લીલી, ભાંગ પીલી, ભાંગ પીનેમે રહે નફા, કે
અખિયાં ખોલ ઓર દિલ સફા, જો ન પીયે ભગકી કલી

૮૪ ત્રીયારાજ

મારા ભાગ્યતણો નહી પાર મઈલા થાવી મારી પ્યારી
રાજ કેરો થાઇશ માલીક લાખુનો સરદાર
સોના શીરપર મારૂ લાતો દઉં હું મુછે તાર મારા૦
માતાપતા બક બક કરતા અકલ વગરના એહ
કીસમત મારૂ કયાંથી જાણે જનરી રાજા દેહ મારા૦
જાઉં જતાં ને હાણું માણું મારો છે દરબાર
આધીન થઇ સઉ હાથ જોડશે પરણું જેણીવાર મારા૦

૮૫ કનકતારા

હમ બડે સીપાઇકે લડકે
મચ્છી મારૂ પખ ઉખાવું તોડું કુચ્ચા સુત
સો ગુસ્સે પપપડ તોડુ થયેભી સીપાઇ રજપુત-ભલા હમ
બડી દેરસે સોકર ઉઠે રસોઇ ફેર બનાયા
ગંગાકો સંગ લે ખુશીસે ભોજન અચ્છા પાય-ભલા હમ

૮૬

ઇતને કે બીચ મોરી ગઇરે સુન્દરીયા
ગઇરે સુન્દરીયા મોરી ગઇરે સુન્દરીયા
સાન ન લીની મોરી નતદ ન લીની
તુમને ચુરાઈ પીયા મોરી સુન્દરીયા.

૮૭

જાવોજી જાવ કિસ નાદાનકો ફુસલાને આયે?
કિસકો બહકાને આયે? કીસકો બહલાને આયે
બાતોંમે લાને આયે! ઘાતો મે પાને આયે!
પુરે નાદાન અપની નાદાની દિખલાને આયે! જાવોજી

આજ ઉસ્તાદકે ઉસ્તાદી કરને આના કયસા!
દરિયામે ડાલને હોજામ પાની જાના કયસા!
ફિરતે હો ઘેરે ઘેરે, કરતે હો હેરે ફેરે
આતે હો મેરે ડેરે, જાતે હો બનકે ચેરે.
જા અય બન્દે! અયસે ફન્દે, ગોરખ ધન્ધે દેખે ચંદો
કયા હમકોં શિખંલાને આયે!—જાવોજી.

૮૮ મુરીદશક

બુટી પીવાકે લુભા ગયા કોઈ યુઝે
બડી સવેરે જો કોઇ છાને વાંકી લ'બીડી'ટ
ઉડતછીરઈયા વોહ પહેચાનેગીરી સકડ સેંઈટ રારવે ગીછને
દુસર પહેરે જો કોઈ છાને વાકે લબે કાન,
તવા કટોરા બેચ ડાલકે ઘર લોટેપરદયાન સવેરે ફેર છનેગી.
તીસરે પેહેરે જો કોઈ છાને જું ભાદવકી કીચ
ઘરકે જાને મરગયે ઓર આપ નસેકે બીચ સવેરે,
ચવથે પેહેરે બેસુસરે કેહો છે બચ્ચેકો બાપ
બેજોરૂ બેસુસરે કેહો છે બચ્ચેકો બાપ સવેરે

૮૯ બજમેફાની

ઓહે રેસમકી સાડીઓ દીલાઓ
સાડી દીલાવ ચોલી પહેનાવ એધનીયા દુકાની યાપે મોહોલેજાવ
ગોટા કીનારી દહેલીસેં મંગાદો.
લાદોગે નામય કુરબાન હાં હાં મેરીજાન એક વાર બોસા,
સાડી લાદો ચોલી લાદો ફીર બોસા માંગો
ચલો મારકીટ આવ, પહેલે પઇસે તો દીખલાવ,
પાસ પાઇ નહી ચાર મારવાડીદે ઉધારતોહો પ્યારકી બહારલાવ

૯૦ હિરાકશ્યપુ.

શેઠ થવાનો કહોને ઉપાય કેમ?
કરવું પડે તેમાંતો બહુ આમ તેમ;
કોઇને રડાવા, કોઇને તો ડામવા,
જલ્દી પડાવા, પૈસા ઉપરનો હોય પ્રેમ તેમ—
વિના ડરે અવળાંને આડાં,મળે નહિ સુખના ગાડાં;
વિના કરે કાળાંને ધોળાં,મળે નહિ સુખ બહુ બોળાં

કંઇ ચાલવાનો રાત્યે છે નેમ બેમ—

૯૧ ખુરશેસીદ ઝરનીગર

છુકછુકી ગાડી ઉડાએલીએ જાયે પચરંગા લોકી ફરંગીયારે બાબુ
જાત નહી દેખે જમાત નહી દેખે, એક હીમસબકો બીઠાય લી૦
હિંદુ મુસલમાન ભંગી ચરમારશે,ફકીર રૂપીએ ગીનીએ લી૦
દિલ્હી શહેરસે ચલે જો મુસાફીર, મુંબઈ કલકત્તા ભગાય
લીએ જાય. છુકછુ૦

૯૨ હૃદયભાણ

સાહેબા સલુણા નાનિ નણદલના વીરાજ
લાલ લટકાળા મને (૨)આછા આછા ઘાટ ઘડાવો મારા સાહેબા
સરખી સૈય મળી હાંસી કરે છે.
લાજી મરૂં હું બાઈ (૨) વેલા વેલા સોનીડા તેડાવો મારા સાહેબા
નાનું શું નાથ એક ઝુમણું ને મહી ઝીણા ઝીણા હીરલા જડાવો
નવસેરો મોતીનો હાર માગ સાહેબા ઝીણા, ઝીણા લીલમ મુકાવો
જોગવાઈ જાસ્તી હોય માગ વાલમા કંકણને માણેક મઢાવો
ગરીબધણીનેબાઇઝાઝુવશુંકહીએબસઆટલેથી મનવાલીનેરહીએ
બાઇસાબ મોટા એક પાણો માગી લઇએ-સાહેબા સલુણા

૯૩ ભજન રત્ન

તમે શુણો અરજ ઉર મારીરે, ઘરમાં ગરવા ન દે ઘરનારી
કહે છે ચોળી શીવડાવો રેશમી સાડી મંગાવો,
ગજરા બંગડી કરાવો પીયુ મારી,પેટની ખાતર કરતો લાચારી
કયાંથી શોધી લાવું વસ્ત્રો ભારી,
ગયોછું હારી, હું નિજનારી, આવી દશા થઈ મારી-તમે૦
થશો ન કોઇ ઘરબારી સંસારિ, પ્યારી પરહેથી થાશે ખુવારી
શિક્ષા સારી, માનોજો મારી, આથી અકેલી જીંદગી સારી-તમે

૯૪ સૌભાગ્ય-સુંદરી

પ્હેરી ચોલી લટકાં મટકાં કરતાં આવ્યાં,
રંગ બોલી સાડી ઓઢી મન લોભાવ્યાં.
ઝાંઝરનારે ઝણકારે, કર કંકણના ખખડાટે,

કાજલથી નેત્ર દિપાવ્યાં—પહેરી૦
હવે શરમાવો ઠાલા, શાને દીયરજી મારા,
બોલો-બોલોજી. બોલો. બોલો,
એ કેવાં તમારાં નખરાં તો જાણ્યાં. પહેરી૦

૯૫ સુંદરવેણી

સિપાઈ તેરી નાલીસ કરૂંગી પોલીસમે;
તેં મેરા બટવા ચુરાઈ, જોબન લુટાયા મુફતમે બેપરવના.
બટવા ચુરાયા અંગુઠી ચુરાઈ,જોબન લુટાયા મુફતમે બેપરવેના.

૯૬

વાહ વાહરે મારી રંગીલી માલણ,હાંહાંરેમારી છબીલીમાલણ
ધન્ય છે તારૂં આંપલી રૂડું નામ,
પાંચ પટાનો ઘાઘરો, ફરતી મેલાવી ઝુલ;
ગોરી તારા ઓઢણું, આ દીલ કરૂશું ડુલરે—મારી૦
સોના કેરો ચાંદલો ને, માંહી નંગ;

અણીઆલી આ આંખ્યો દેખી, નાનો થાય દંગરે-મારી
ફુલવાડીની ફુલસજ્યામાં, નીત્ય કર તું મોજ;
રંગ ચંગને આનંદે, પ્યારી મારી રોજરે-મારી૦
ખાધું પીધું તેજ બાપનું, શું આવે છે સાથ;
મરતાં જાએ સૌ મુકીને, ખાલી બંને હાથરે-મારી

૯૭ કનકતારા,

મુતો મારવાડસો બણીયોરે મુંબઈ શેરમુ આયો,
મારવાડસે નીકલ્યો જબતો પાઉ મેં નહી થો જુતો
ઘાસલેટરી ફેરી કરરે પીંજરા પોલમેં સુતો-સુતો૦
વ્યાજ બટારો ધંધો કરકર પઈશા પાંચ કમાયો,
આધી આધી જમે કરીને લાડીજીરે લાપો. સુતો૦

૯૮ ખુનેનાહક

દાવર દાદર કાદીર સતાર દાતાર આલાકે બાર૦
ગફફાર જબ્બાર એ તોરી ગુલકારી પેવારી બલહારી
આલમ પલ સરદારી કાયમકી કીરતારી તાપર વારી

પતીત તારે લાખોં રબે શરમ ધરમ રાખો, બીનતી
તોરી હાં કરત મીલ નરનારી

૯૯ હરીશ્ચંદ્ર.

અરે નાદાન, અરે બે ધ્યાન, જરાતો માન, જરાતો માન.
નખો તું જાન, ન હો હયરાન જરાતો માન જરાતો માન.
કચેસી રાની કયેસી બાની કયશે લાલજી કે લાલ.
બાતેં તેરી લંબી ચઉરી બાકી સુખા જય ગોપાલ.
રૂશીકા માન જો તું ફરમાન તો હોઇંશ ઓર તેરા કલ્યાણ.
અરે અગ્યાન નકર હયરાન, જરાતો માન જરાતો માન.કચેબી

૧૦૦ બકાવલી.

કોઈ રબકી મરજી કયા જાને દુનીયા મતલબ અપના.જાને
જો જીસપર બીપતા બીતી હુએ જાને મઉલા જાને કોઈ
જો મેં જાનું તું કયાં જાને ફરમાના ઈદર શાજાને,
નુરીમે નુર સમાજાને આદમકે આદમ પાજાને
જબ રંગસે રંગ મીલા જાને તબ તનસે સંગ છુટા જાને,

૧૦૧ હામાન

યેહી બદીમે પાયા ગમ અરે આદમ,
બેદાર રહે, હોશીયાર રહો તુમ નેકીમે હરદમ-યેહી,
ઈસ દીનકે લો પએછાન કસે સામાન.
કસે દયાંન જરા સુલતાન બના ફીર કાંર કહા રહા.
કસે હરદમ રબકી યાદ રહો દીલશાદ,
બદી કરને વાલોંકી હોની હય મટીયું બરબાદ.
જો દઉલતે તાઅત પાયે, ઇસ જહાંમે અશરત પાયે,
મરજાએ તો જન્નત પાયે, નાહો યાદ કરીમકી ગંમ.

૧૦૨ દોરંગી દુન્યા

ખુદ હાથેથી જે થયું કામ થકાવે.
મન મલકાવે-હરખાવે ખુદ૦
આપ મુઆ વીણ સ્વરગ કોઈ કદી નવ જાય.
આહનીશહ પરઇ અંકે હતી કેમ ભલાએ.
તે મનનું માગુ તે મલે મહેનત ફલે.

ચીંતા હળે કામે ભલે વલગે ભલેતે કામ કરે ભાવે–ખુદ૦

૧૦૩ હરીશ્ચંદ્ર

હોન દીલારામ તો કયા દીલકો આરામ.
દિલકો આરામ નતો જીનેસે કામ—હોન૦
આંખોને કાતીલ કે બરછી હય મારી,
મયેં બનકે મતવારી હું કાતિલ પરવારી.
હય જીસ બેજારી, લાચારી, લાચારી કયા૦

૧૦૪ ચતરા બકાવલી

જબકે કલંદર બન બન ફીરકર બનદર લેકર આતે હયે,
તાલી બજાના નીસદીન પલછીન બંદરકા બતલાતે હયે,
તુંને આકર કીયું દીખાયે મોહે બનદરવાકે ખેલ. (૨)
ભોલે ભાલે મનકો ન ભોય તોરા ખેલ ઈનસાનાને,
કયેસે પાયા હએવાનોકા મેલ...તુંને૦

૧૦૫ લામન

મેરા ગમકા તરાના સુનીએ ફીસાના અયેશાહ ઝીશાન
હુયેએ જમાના, દુશમન પુરાના સુનયે ફીસાના. અયે૦
આબીદ મેરા બાપથા ગયે જંગલમે હામાન.
મેહેરમેયે ઇસ્કી લાડલી મેરા ભાઇ મુજફર જાન,
મેરી માથી નાદીના દાનાયગાના સુનીયે ફીસાના. અયે૦

૧૦૬ કુલીન કાંતાં

નમું પદે ગીરજા પતીને
ચંદ્ર લલાસ સદપદ તારૂં એકજ શરણ અમારૂં
પ્રેમધરી આપ દયા નિધી સન્મતીને નમું૦
ભસ્મ ધરી, શીર ગંગ શોભે ઉમીયાજી સંગ
મચે સંગીત રંગ, બને તાલ જરૂદંગ, ડોલે કંઠે ભુજંગ
રૂમક ઝુમક ઘુંમ તાંડવ કરતાં મચા અખંડ નંદે–પ્રેમ.

૧૦૭ જગતસીંહ

વીજુ વારે ચડોજે મારીરે દીનદાસી કહે છે પુકારી
કષ્ટોને કાપી, સ્વામી સુખ આપી

આશ પુરો દયા દીલ ધારી–વીભુ૦
ભોગીને માટે જોગી વેશધારી મલુ મોહન મમ સુપકારી
સ્હાય તારી દે મોરારી, યાચે બાળા બીચારી–વીભુ૦

૧૦૮ કનકતારા

દશા આ શી થઇ મારી કરમની ગતી ન્યારી ! દશા૦
રમતાં હતાં રાજ મહેલમાં વસતાં સુખ મોઝાર,
સેવામાં હાજર હતાં, દાશી દાસ હજાર,
ભોગવવી આજ લાચારી પડયો વનમાં હું આજારી;દશા૦
ફુલશઇયા પણ જેહને કઠણ લાગતી સ્હેજ,
સુતી છે પથ્થર તણી ધરતી ઉપર એજ.
મહારાજાની કુમારી દુઃખી છે બહેન મુંજ પ્યારી. દશા૦
તરસ્યાં ભુખ્યાંને અમે દેતાં પાણી અન્ન;
ટલવળીએ આ વન વિષે ભુખ્યાં વિણ ભોજન,
પીવા મળતું નથી પાણી રહુ કેમ ધીર હું ધારી. દશા૦

૧૦૯ કૃષ્ણ ચરિત્ર

તુંહીં શ્યામ તુંહીં શ્યામ તુંહીંરે,
હુંતો નિરખું તુજને ઠામ ઠામ;
બસ તુંહીંરે શ્યામ તુંહીં શ્યામ તુંહીં,
મનમાં જોયું, બાહેર જોયું
જોયું સકલ સંસાર,
આ બ્રહ્માંડની માલા જોઈ વળી;
બણ નહીં આવ્યો પાર,
સઘળે જ્યોતિ તારીરે............હુંતો૦
આ તનનો રંગ મહેલ બનાવ્યો,
મહીં ભર્યો દરબાર;
અનહદ વાજાં વાગી રહ્યાં કાંઇ,
જીવ રમે એકતાર;
ચમકિ જ્યોતિ તાદીરે........ હુંતો૦

૧૧૦ [illegible]

આલા ગોરીયાસંગુ અરે વાહ વાહ
દારૂ પીઉ યામણુ અરે વાહ વાર

ઘે બાટલી માતા, મારં બુંબા આતાં
ઘેરી જાતાં જાતાં પીઉ વાહ વાહ
ઘાલ દરીયા મધે ઘાલ હોરી
ઘે હાથા મધી હાથ પોરી
સત ભાંમે વરી, પ્રીત કરી હરી;
તસી માઝાવરી, કરી વાહ વાહ   આલીંઃ

૧૧૧   કૃષ્ણ ચરિત્ર

અલીઓ ! અલબેલો કેમ નાવે !
બેભાન કરી સાન કાં ભુલાવે !-અલબેલોઃ
સેજ સમારી હું વાટ જોઈ રહી
પ્રીતમજી પણ ટવળાવે,
હવે હુંથી નહી રહેવાય
મન આકુળ વ્યાકુળ થાય, મતિ ભમી જતી;
છળ કરીને, છેતરીને એ,
કાં અલી અકળાવે !-અલબેલો

૧૧૨   કૃષ્ણ ચરિત્રં

દાણ માગેરે દાણ માગે,
કાનો કાંકરી મારેતો મને વાગે છે-દાણ,
કાનો કીયા મલકનો દાણી.
મારી નવરંગ ચુદડી તાણી રે-દાણ;
કાનો કીયા મલકનો સુબો,
મારી વાટડી રોકીને કાન ઉભો રે-દાણં;

૧૧૩   અંબીકાં વિજયં;

મુગટ માજી તણે સીર સોભી રહયો;
સોભી રહયો મન લોભી રહયો.   મુગટ.

સાખીઃ

આરાસુર [illegible] અપરંમપાર;
સોભા [illegible], કેતા ના આવે પાર,
અંબા[illegible] ચોકમાં
જેયો [illegible] સોભી રહ્યોઃ   મુગટ.

બાહ્ય બાજુબંધ બેરખા, ઝાંજર છે પગ માંહ્ય;
સૈયરો સરવે મળી, લળી લળી ગરબો ગાય.
માજીનું ધ્યાન ધરો, સેવક જન તમે;
અરજ હમારી માંડી, ઉરમાં ધરો. મુગડ.

૧૧૪ રામ રતન

હરિ મારા નાવને પાર ઉતારો
ભોળાનાથ ભરૂંસો તમારો મારા
ભવસાગરનાં ભારે મોજાં, મધ્યાની અંધારી
પાપી પવન તોફાન જગાવે, નાથજી ઉગારો.મારા
સુકાની સ્વામી, અંધાર ન ભાળે ભેખડે ભેખાડે
બાંહ્ય ધરી બાનાનું પત રાખો બુડતાંને તારો.મારા

૧૧૫ રામ રતન

થાઓરે આશા સફળ સકળ મન માની
સત્વર શંકર ભોળો દે ભાળ બંધુ માની થાઓરે
દિવસ રેન રખવાળી કરી રહો
વિપદ, વિઘ્ન ભય વિનાશીની ભવાની.

૧૧૬ કૃષ્ણચરિત્ર

બાઇરે શામળીઓ લાલ છે લટકાળો, રૂપાળો એતો
લાગે મતવાળો મને વ્હાલો—શામળીયો
છેડો મારો પકડે છબીલો,
છાનો રહી છોગાળો;
પેલો મધુરી મોરલીવાળો, રૂડો રઢીયાળો,
છબીલો રસીક નંદલાલો.
હું તો પરણી કાનડ કાળો—શામળીયો.

૧૧૭ રામ રતન

રૂપ રૂપ શું કરો મુરખ જન રૂપ ઉપરે મરે
ભાગ્ય જોગે કંઈ રોગ થાય તો રંગ રૂપ કયાં ઠરે
નથી હું રૂપતણી પ્યાસી, માત્ર છું ગુણની અભિલાષી.
કસ્તુરી છે કાળી તોપણ વખતે જીવન દેછે
સર્પ સોમલ સુરૂપવાન તે તુરત પ્રાણ હરી લેછે.—નથી હું

સુજાણ બાળા લક્ષ્મી વિણછે, રૂપ ગુણ સર્વ નકામું
સત્ય કહું તો લક્ષ્મી વિણછે જીવતર સર્વ નકામું
નથી લક્ષ્મી એની પાસે કરે હઠ શા સુખની આશે.
ગુણની લક્ષ્મી ગુલામ થઇને સદા પાય સેવેછે
ગુણવિણ લક્ષ્મી કોઈની રહીના કોઇ પાસે નવ રહે છે.
લક્ષ્મી ઘર ઘર ફરનારી જેમ રખડે લંપટ નારી
કોઇ સબળ શત્રુ જાગે તો લક્ષ્મી લુંટી લે છે
ગુણ લુંટયો ના લુંટાયે એ મરતાં સાથ મરેછે—લક્ષ્મી.

૧૧૮ રામ રતન

શાણી સ્વિકારી મેં શાણી સ્વિકારી
થઇ મારી, થઈ મારી, પ્યારી પ્રાણધાર
વારી ગઇ, વારી ગઇ, વારી બલિહારી
થઈ દાસી તમારી હું હૈયાના હાર
હૈયે લપટાઓ,
અધીરાં ન થાઓ ધરમ બંધન થકી બંધાઓ
જગ કિરતાર છે જોનાર—શાણી૦

૧૧૯ કૃષ્ણ ચરિત્ર.

મને રોકી રહ્યા શીદ વનમાંરે?
શીદ વનમાંરે. સખીજનમાંરે.
શું છે મનમાંરે? મને.
અલબેલા શો આવડો આડો!
દહીં નથીરે નંદ ભુવનમાંરે?—મને
ગોરસ તારૂં લાગે મીઠું,
ટાઢક થાયે તનમાંરે—મને
ગોરસ કેરાં તે દાણ તે શાનાં?
લીધાં વેચાતાં વચનમાંરે—મને.

૧૨૦ હિરણાકશ્યપુ.

પ્રગટયો નિર્લજ કુળમાં પુત્ર વેરીને સેવીનેરે
નિર્લજ સુત તે મારો પાકયો,
અરિતણે જઇ પાગે લાગ્યો;

હાય હવે શું કરૂં કહોને ધારીનેરે.—
બાળ બુદ્ધિ છે એની માટે,
કહો શું શિક્ષાને છાજે?
દાઝ ચઢે છે મારૂ ખડગ કાઢીનેરે.—
સાહસ એવું રાય ન કીજે,
તકશીર તેની માફી દીજે;
વારૂ તમથી રહુછું વારીનેરે.—

૧૨૧

કરશો માં સાહસ સ્વામી
દુનીઆં નથી દીવાની
દેશે તમને દોગામી
જોશે તે કરશે જાણ (૩)—
ચુપ બોલશો માં પ્યારા
એ સુત કરે છે ચાળા
મારીશ હું અસિધારા
એ બાળ છે નાદાન. (૬)—
કઈ બાળ કુપાતર થાશે,
શું પિતા તેથી ધાશે.
પૃથ્વી કંઈ પ્રલે જાશે
જોશે તે કરશે જાણ. (૮)—

૧૨૨

કુંવર આતો આજે કહું જે વાત,
બાળક બુધ્ધ આવી ન કીજે, તાત કહે તે ઉર રો લીજે;
કરો શું આવી હઠ વાત.—
વડીલ વચન નહિ સુણ એવી વાણી,
કુંવરની વાત તાત તણી નથી જાણી
કરશે તમારી કંઈ ઘાત—
જન્મ મરણ છે પ્રાણી માતરને,
નથી થયો કોઇ અમર આ ધરણું;
બને વીધીની લખી વાત.—

૧૨૩

નથી સ્નેહ દેખાતો કોઇ સ્વારથીઆને હૈયે;
નથી સ્નેહ દેખાતો કોઇ કુછંદીની સંગે
મરકટ કેટે મોતી માળા છાજે કેટલી વારજો,
કુછંદી સ્વારથીઆ જોડે, સ્નેહ તેટલી વારજો,
સ્નેહ સ્થાન આ મિત્રને કહીએ,
ભેદ તેનો સમજાવી દઇએ,
કૃપા કરી આ મિત્રને કહીએ.—
અવસર આવી મદદ કરે જે. સ્વારથ ન હોય સાથજો,
નિર્મળ સ્નેહ સ્થાનજ કહીએ, મેળવે શ્રી ભગવાનજો.—
મિત્ર ભેદને સમજી લઇએ,
રાજા મિત્ર હવે સુજને દઇએ;
કૃપા કરિ આ મિત્રને દઇએ ...

૧૨૪

પરમારથથી સાધોરે, સાથી પરગાંમનો હેજી.
પુન્ય સજો, પાપ તજો, તજો છળ તાપ હાં હાં.—
તજીને દાન મદ કામરે, તેથી તે તમ સુખ ભરશો—
રામ ભજો, સાથ સજો, ભજો ત્રિભુરાય હાં હાં
ભજી ધ્યાન જગનાથરે, તેથી તે તમ ભવ તરશો—
દુર તજો, ક્રુરજનો, સજો સતસંગ હાં હાં;
મેર કરે પ્રાતપાળ રે, તેથી તે તમ દુઃખ ટળશો--

૧૨૫

મેં દિવાના શામકા મુજે કોઇના છેડોરે
મેં મસ્તાના લાલકા, મુજે કોઈના છેડોરે-
રામ ઝરૂખે બેઠકે સબકા મજરા લેત;
જેસી જીસકી ચાકરી એસા ઉન્કુ દેત;
તુલસી આ સંસારમાં ભાત ભાતકે લોક;
સબસે હીલમીલ ચાલીએ નદી નાવ સંજોગ.

૧૨૬


બહુ છકયો દીસે છે તુ બાળ, અસિતો તને આજ મારૂં રે.
કેમ નથી આવતી તને લાજ ,,

શું અરિતણે શરણે જનાર? ,,
કેમ કરનાર તને એ છે સ્હાય?
દુષ્ટ દાખ તારો તે આધાર, ,,
ક્યાં રહે અવની આકાશ? ,,
કેમ સંતાતો ફરે છે ઠાર ઠાર? ,,
કેમ સમજે છે મુજને કાળ? ,,

કુકર્મરે લોભી શું નાહરે
સુતધારા ભગ્ની નવ ધારે, દ્રવ્ય માટે વ્હાલાને મારે
કરમથી નાજડરે.—
ધર્મ નિચ પોતાનો હારે, સ્વારથીઓ મિત્રો સંહારે.
વથી તે આધે પળે—
લુણહરામી તે જન થાએ, પણ ચોરી ચંડાળે જાએ

૧૨૭

જયકાર, જયકાર, જયકાર,
આર્ય ભુમિપરનો આવાર—
નિતિ વચનને નેક રાખીને
શુભ સત્ય મારગ પાળીને
કર્યો પુરો જયકાર—
કષ્ટ સુમતિ હરિ "હરિ"ને દઇને
રાખી લાજ પ્રભુ વા'રે ધઇને
કર્યો પ્રયોગનો પાર.



જાહેર ખબર

મુંબઇની મઝા.	૦—૪—૦	મુંબઇનું ઝવેરાત	૦—
ફુરસદે બહાર	૦—૨—૦	શ્રીતુલશીદાસ,કબીરની સાખી	૦—
માણેકમોતીનો બાગ	૦—૨—૦	દેવતાઇ જાદુગર	૦—
પંચપતી ક્રમણ સુત્ર	૦—૮—૦	કૃષ્ણચરીત્ર બાળલીલા	૦—
રશિક સ્તવનાવળી	૦—૪—૦	વાવડી ચસકી	૦—
છ ભાઇનો રાસ	૦—૨—૦	ચોરનાબાઇ ઘંટીચોર	૦—
લીલાવતીનો રાસ	૦—૨—૦	શુકનાવળી	૦—૧—૦
અંજનસતીનો રાસ	૦—૨—૦	ભોજાભગતનાચાબખા	૦—૧—૦
મોતીશાના ઢાળીયાં	૦—૨—૦	શનીશ્ચરની કથા	૦—૧—૦
લાવણીનુ વર્ણન	૦—૨—૦	ઓધવજીના મહીના	૦—૧—૦
ગેબાગોળાઓ	૦—૪—૦	[illegible]જીના વિવાહ	૦—૧—૦
નવરંગ	૦—૨—૦	તબોલાણુના કીસ્સા	૦—[illegible]—૦
નાટારંગ	૦—૩—૦	હોઆંજ ગંજુલસ	૦—[illegible]—૦
મીરાંનાં પદ	૦—૨—૦	રોગની વારણ	૦—૮—૦
ભજનાવળી	૦—૨—૦	નરશીમેતાનાબાપનું શ્રા	૦—૧—૦
પ્રભાત સંગ્રહ	૦—૨—૦	બાદરા[illegible]રબો	૧—૦—૦
નરસીમહેતાનુ મામેરૂ	૦—૧—	[illegible]ત ઇસલો	૦—૮—૦
નરસીમહેતાની હુંડી	૦—૧—૦	નજમુજીયા	૦—૪—૦
ગમત [illegible]	૦—૪—૦	નરશીમેતાનીદીકરીનાવીવા	—૧—૦
ગુલેનવ બહાર	૦—૬—૦	સદેવંતસાવળગાચીત્રવાળી	—૮—૦
અત્રકારો બહાર	૦—૪—૦	ગુલબંકાવળી મોટી	૦—૧૨—૦
રસીક ગાયન સંગ્રહ	૦—૪—૦	અભેમન્યુચક્રાવોમોટો	૦—૮—૦
નવતરંગ	૦—૨—૦		

આ સિવાય અમારી પાસેથી ઘણી જાતનાં પુસ્તકો તથા વારતાઓ તથા ગાયનો તથા નિશાળોમાં ચાલતી ઇંગ્રેજી તથા ગુજરાતી ડીક્ષનેરીઓ તથા કાયદાઓ તથા મુસલમાની ગુજરાતી કીસ્સાઓ તથા જૈનધર્મના સ્તવનો તથા ફેન્સી કાર્ડ તથા પજુસણની કંકોત્રી તથા દીવાળીની કોત્રી વગેરે વાજબી કીંમતે મોકલવામાં આવશે

મા.મંગળદાસ જોઈતારામ બુકસેલર ઠે. રીચીરોડ-અમદાવાદ

તથા

ચંદ હઠીસીંગ બુકસેલર અમદાવાદ રીચીરોડ.

STATEMENT sh[illegible] books made over to the Co[illegible]tor of *Ahmedabad* 1906 as Per section XVIII of 1867 Passed by Government of India.

Number.	Title of the book and contents of the title page with a translation of such English of such title and the contents when the same are not in English.	Language in which the book is written.	Name of the author translator or editor of the book.	Subject.	Place of printing and place of publication.	Name of firm of the Printer and name of firm of the Publisher.	Date of issue from the Press or of Publication.	Number or sheets, leaves or pages.	Size.	Name of edition.	Number of copies of which edition consists.	Whether the book is printed or lithographed.	Price at which the book is sold to public.	Name and residence of the proprietor of the copy right, or of any portion of such copy rights.
1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15
1	Foorsade Bahar [illegible]	Gujarati	Mangaldass Joitaram Book-Seller	Poetry.	The Chimanlal Printing Press Pirmadsha Road Ahmedabad	Bhechardbhai Govindram Printer and Mangaldass Joitaram Publisher	18-8-1906	36	Royal twelve Pages	First edition	1000	Printed	Four annas	

Manager.

[illegible]